# કૂકીઝ સંબંધિત નીતિ

Oxford University Pressની વેબસાઇટો પર કૂકીઝનો ઉપયોગ કરવા સંબંધિત અમારી નીતિ

## કૂકીઝનો ઉપયોગ

વેબસાઇટ પર માહિતી એકત્ર કરવા માટે OUP કૂકીઝનો તથા અન્ય ટેકનોલોજીઓનો ઉપયોગ કરે છે. વેબસાઈટ બ્રાઉઝ કરવાની તમારી સુવિધા વધારવામાં આવી એકત્ર કરેલી માહિતી OUP ને સહાય કરે છે; આ માહિતીના કારણે અમે વેબસાઇટ બહેતર બનાવી શકીએ છીએ, વિશ્વાસ તથા સુરક્ષાને પ્રોત્સાહન આપી શકીએ છીએ અને વેબસાઇટના વેબ પેજના પ્રવાહનું નિયમન કરી શકીએ છીએ.

જો તમે કૂકીઝને અક્ષમ કરશો અથવા નકારશો, તો શક્ય છે કે, તમે વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ ન કરી શકો અને કેટલીક સુવિધાઓ યોગ્ય રીતે કાર્ય ન કરે અથવા તમને ઉપલબ્ધ ન થાય.

જો તમે અમારી કૂકીઝ સ્વીકારવાનું પસંદ કરશો, તો તમે પછીથી તમારા કમ્પ્યુટરમાંથી આવી કૂકીઝ કાઢી પણ નાખી શકશો (નીચેનો 'કૂકીઝ મૅનેજ કરવી' વિભાગ જુઓ). જો તમે કૂકીઝ કાઢી નાખશો, તો એ કૂકીઝ દ્વારા નિયંત્રિત બધાં સેટિંગ અને પસંદગીઓ કાઢી નાખવામાં આવશે અને પાછળથી જ્યારે તમે વેબસાઇટની મુલાકાત લેશો, ત્યારે તેની પુનઃરચના કરવી જરૂરી બનશે.

JavaScript કોડ, વેબ બીકન અને તૃતીય પક્ષ વેબસાઇટ ઍનાલિટિક્સ પ્રદાતાઓનો ઉપયોગ કરીને, OUP વેબસાઇટના તમારા ઉપયોગ સંબંધિત વિશિષ્ટ માહિતીઓની નોંધ પણ રાખી શકે છે.

વેબસાઇટનો ઉપયોગ કરીને, તમે આ કૂકીઝ નીતિમાં વર્ણવેલી જોગવાઈઓ સાથે સંમત થાઓ છો.

## કૂકીઝ શું છે?

કૂકીઝ એ જૂજ માહિતી ધરાવતી ટેક્સ્ટ ફાઇલ્સ હોય છે, અને જ્યારે તમે વેબસાઇટની મુલાકાત લો ત્યારે તે તમારા ઉપકરણમાં ડાઉનલોડ કરવામાં આવે છે. ત્યાર બાદ પછીની દરેક મુલાકાત સમયે કૂકીઝને તેની મૂળભૂત વેબસાઇટ પર અથવા એ કૂકીઝને ઓળખે તેવી અન્ય વેબસાઇટ પર પાછી મોકલવામાં આવે છે. કૂકીઝ ઉપયોગી હોય છે, કારણ કે તે વેબસાઇટને વપરાશકર્તાનું ઉપકરણ ઓળખવાની અનુમતિ આપે છે. તમે કૂકીઝ વિશેની વધુ માહિતી અહીં મેળવી શકશો: www.allaboutcookies.org અને www.youronlinechoices.eu.

કૂકીઝ વિવિધ પ્રકારનાં કાર્ય કરે છે, જેમ કે તમને બધા પેજની વચ્ચે કુશળતાથી નેવિગેટ કરવામાં સહાય કરવી, તમારી પસંદગીઓ યાદ રાખવી અને સામાન્ય રીતે વપરાશકર્તાનો અનુભવ બહેતર બનાવવો. તમે ઑનલાઇન જે જાહેરાતો જુઓ છો તે તમને અને તમારી રુચિઓને વધુ સુસંગત હોય તે સુનિશ્ચિત કરવામાં પણ તે સહાય કરી શકે છે.

કેટલીક કૂકીઝ વેબસાઇટની તમારી મુલાકાતના સમયગાળા પૂરતી જ તમારા ઉપકરણ માટે ફાળવવામાં આવે છે અને આ કૂકીઝ સત્ર આધારિત કૂકીઝ કહેવાય છે. જ્યારે તમે તમારું બ્રાઉઝર બંધ કરો, ત્યારે આ કૂકીઝનો સમય આપમેળે સમાપ્ત થાય છે. "પર્સિસ્ટન્ટ" તરીકે ઓળખાતી બીજા પ્રકારની કૂકીઝ તમારા ઉપકરણમાં નિયત સમય માટે રહે છે.

વધુમાં, કૃપા કરીને નોંધ લો કે કેટલીક વેબસાઇટોમાં તૃતીય પક્ષની કૂકીઝ હોય છે, એટલે કે એવી કૂકીઝ જે તૃતીય પક્ષના ડોમેન દ્વારા સેટ કરવામાં આવે છે.

વેબસાઇટ પર ઉપયોગમાં લેવાતી કૂકીઝનું વર્ગીકરણ ICC UK કૂકી માર્ગદર્શિકામાં મળતા વર્ગોના આધારે કરવામાં આવ્યું છે.

અમે નીચેના 'કૂકીઝના વર્ગો'માં એ વર્ગોનો સારાંશ પ્રસ્તુત કર્યો છે.

તમે અમારી કૂકી ડિરેક્ટરીમાં અમારી પ્રત્યેક વેબસાઇટ પર ઉપયોગમાં લેવાયેલી કૂકીઝ અને આવી કૂકીઝના કાર્યો જોઈ પણ શકો છો.

## કૂકીઝના વર્ગો

અમે વેબસાઇટ પર ઉપયોગમાં લેવાતી કૂકીઝનું વર્ગીકરણ ICCની UK કૂકી માર્ગદર્શિકામાં મળતા વર્ગોના આધારે કર્યું છે.

વર્ગો નીચે જણાવ્યા મુજબ છે:

### અનિવાર્ય કૂકીઝ

તમે વેબસાઇટને બરાબર જાણી શકો અને વેબસાઇટના સુરક્ષિત વિસ્તારોને ઍક્સેસ કરી શકવા જેવી તેની સુવિધાઓનો ઉપયોગ કરી શકો તે માટે આ કૂકીઝ આવશ્યક હોય છે. આ કૂકીઝ વિના શૉપિંગ બાસ્કેટ અથવા ઇ-બિલિંગ જેવી તમે પસંદ કરેલી સેવાઓ પ્રદાન કરી શકાતી નથી. આ કૂકીઝ અનિવાર્ય હોવાથી, અમારે તેમના ઉપયોગ માટે તમારી સંમતિ લેવી જરૂરી નથી.

તમે કોઈ પણ સમયે તમારા વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરીને કૂકીઝને મર્યાદિત કરી શકો છો, અક્ષમ કરી શકો છો અથવા કાઢી નાખી શકો છો. વધુ માહિતી માટે, નીચેનો 'કૂકીઝ મૅનેજ કરવી' વિભાગ જોવા વિનંતી. જોકે, તમે કદાચ વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ નહીં કરી શકો અને કેટલીક સુવિધાઓ યોગ્ય રીતે કાર્ય નહીં કરે અથવા તમને ઉપલબ્ધ નહીં થાય.

### કાર્યપ્રદર્શન કૂકીઝ

આ કૂકીઝ મુલાકાતીઓ વેબસાઇટનો ઉપયોગ કેવી રીતે કરે છે, જેમ કે મુલાકાતીઓએ સૌથી વધુ કયા મુલાકાત લીધી હોય તે પેજ અને તેમને વેબ પેજ પરથી મળતા ભૂલના સંદેશા અંગે માહિતી એકત્ર કરે છે. આ કૂકીઝ મુલાકાતીની ઓળખ છતી કરે તેવી માહિતી એકત્ર કરતી નથી. આ કૂકીઝ દ્વારા એકત્રિત બધી માહિતી એક સમૂહમાં સંકલિત કરાતી હોવાને કારણે તે અજ્ઞાત રહે છે. તેનો ઉપયોગ માત્ર વેબસાઇટનું કાર્યપ્રદર્શન બહેતર બનાવવા માટે કરવામાં આવે છે. વધુમાં, આ કૂકીઝમાંની કેટલીક પૃથક્કરણ કૂકીઝ હોય છે, જે તૃતીય પક્ષ વેબ ઍનાલિટિક્સ સૉફ્ટવેરનો ઉપયોગ કરીને સેટ કરેલી હોય છે, જે અમને અમારી વેબસાઇટનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે વિશે વધુ સમજવામાં ઉપયોગી થાય છે.

ઉદાહરણ તરીકે, કેટલીક વેબસાઇટો તે વેબસાઇટોના માલિકોને તેમની વેબસાઇટના ટ્રાફિકનું નિયમન કરવામાં સહાય કરવા માટે Google Analytics કૂકીઝનો ઉપયોગ કરે છે, પરંતુ તે કૂકીઝ મુલાકાતીની ઓળખ કરે તેવી માહિતી એકત્ર કરતી નથી. એ વેબસાઇટોના માલિકો તેમની વેબસાઇટોના તમારા ઉપયોગના આધારે તેમના વિચાર મુજબ તમને રસપ્રદ હોય તેવા ઉત્પાદનો અને/અથવા સેવાઓને હાઇલાઇટ કરવા માટે આવી કૂકીઝનો ઉપયોગ કરી શકે છે.

અમારી વેબસાઇટનો ઉપયોગ કરીને, તમે સંમત થાઓ છો કે OUP તમારા ઉપકરણમાં આવા પ્રકારની કૂકીઝ મૂકી શકે છે. ઉપયોગમાં લેવાનારી કૂકીઝની વધુ વિગતો માટે, નીચેની અમારી કૂકી ડિરેક્ટરી લિંક પર ક્લિક કરવા વિનંતી: કૂકી ડિરેક્ટરી.

તમે કોઈ પણ સમયે તમારા વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરીને કૂકીઝને મર્યાદિત કરી શકો છો, અક્ષમ કરી શકો છો અથવા કાઢી નાખી શકો છો. વધુ માહિતી માટે, નીચેનો 'કૂકીઝ મૅનેજ કરવી' વિભાગ જોવા વિનંતી. જોકે, જો તમે આવું કરશો તો, તમે કદાચ વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ નહીં કરી શકો અને કેટલીક સુવિધાઓ યોગ્ય રીતે કાર્ય નહીં કરે અથવા તમને ઉપલબ્ધ નહીં થાય.

### કાર્યપ્રણાલી કૂકીઝ

આ કૂકીઝ થકી વેબસાઇટો તમે કરેલી પસંદગીઓ (જેમ કે તમારું વપરાશકર્તા નામ, ભાષા અથવા તમે જે પ્રદેશમાં છો તે) યાદ રાખી અને તમને અદ્યતન તથા વધુ વ્યક્તિગત સુવિધાઓ પ્રદાન કરી શકે છે. ઉદાહરણ તરીકે, તમારા વર્તમાન સ્થાન સંબંધિત કૂકીનો સંગ્રહ કરવાથી વેબસાઇટ માટે તમને હવામાનના અહેવાલો અથવા ટ્રાફિકના સમાચાર આપવા શક્ય બને. આ કૂકીઝનો ઉપયોગ તમે લખાણના કદ, ફૉન્ટ અને વેબ પેજના તમે કસ્ટમાઇઝ કરી શકો તેવા અન્ય ભાગમાં કરેલા ફેરફારો યાદ રાખવા માટે પણ કરી શકાય છે. વીડિઓ જોવો કે બ્લૉગ પર ટિપ્પણી કરવા જેવી તમે માગેલી સેવાઓ પ્રદાન કરવા માટે પણ આનો ઉપયોગ થઈ શકે છે. આ કૂકીઝે એકત્ર કરેલી માહિતી અજ્ઞાત રહે છે અને તે તમે મુલાકાત લઈ રહ્યા હો તે સિવાયની વેબસાઇટ પરની તમારી બ્રાઉઝિંગ પ્રવૃત્તિની નોંધ રાખી શકતી નથી.

અમારી વેબસાઇટનો ઉપયોગ કરીને, તમે સંમત થાઓ છો કે OUP તમારા ઉપકરણમાં આવા પ્રકારની કૂકીઝ મૂકી શકે છે. ઉપયોગમાં લેવાનારી કૂકીઝની વધુ વિગતો માટે, નીચેની અમારી કૂકી ડિરેક્ટરી લિંક પર ક્લિક કરવા વિનંતી: કૂકી ડિરેક્ટરી.

તમે કોઈ પણ સમયે તમારા વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરીને કૂકીઝને મર્યાદિત કરી શકો છો, અક્ષમ કરી શકો છો અથવા કાઢી નાખી શકો છો. વધુ માહિતી માટે, નીચેનો 'કૂકીઝ મૅનેજ કરવી' વિભાગ જોવા વિનંતી. જોકે, જો તમે આવું કરશો તો, તમે કદાચ વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ નહીં કરી શકો અને કેટલીક સુવિધાઓ યોગ્ય રીતે કાર્ય નહીં કરે અથવા તમને ઉપલબ્ધ નહીં થાય.

### લક્ષ્યાંકિત અથવા જાહેરાત કરતી કૂકીઝ

તમને અને તમારી રુચિઓને વધુ સુસંગત હોય તેવી જાહેરાતો બતાવવામાં આવી કૂકીઝનો ઉપયોગ કરવામાં આવે છે. તમને જાહેરાત દેખાવાની સંખ્યા સીમિત કરવાની સાથે-સાથે જાહેરાત અભિયાનની અસરકારકતા માપવા માટે પણ તેમનો ઉપયોગ કરવામાં આવે છે. તે વેબસાઇટ ઑપરેટરની પરવાનગી લઈને સામાન્ય રીતે જાહેરાત નેટવર્કો દ્વારા મૂકવામાં આવતી હોય છે. તમે વેબસાઇટની મુલાકાત લીધી હોવાનું તે યાદ રાખે છે અને આ માહિતી જાહેરાતકર્તાઓ

જેવા અન્ય સંગઠનો સાથે શેર કરવામાં આવે છે. ઘણીવાર લક્ષ્યાંકિત અથવા જાહેરાત કરતી કૂકીઝ અન્ય સંગઠનો દ્વારા અપાતી સાઇટ કાર્યપ્રણાલી સાથે લિંક કરવામાં આવશે.

અમારી વેબસાઇટોનો ઉપયોગ કરીને, તમે સંમત થાઓ છો કે OUP તમારા ઉપકરણમાં આવા પ્રકારની કૂકીઝ મૂકી શકે છે. ઉપયોગમાં લેવાનારી કૂકીઝની વધુ વિગતો માટે, નીચેની અમારી કૂકી ડિરેક્ટરી લિંક પર ક્લિક કરવા વિનંતી: કૂકી ડિરેક્ટરી.

તમે કોઈ પણ સમયે તમારા વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરીને કૂકીઝને મર્યાદિત કરી શકો છો, અક્ષમ કરી શકો છો અથવા કાઢી નાખી શકો છો. વધુ માહિતી માટે, નીચેનો 'કૂકીઝ મૅનેજ કરવી' વિભાગ જોવા વિનંતી. જોકે, જો તમે આવું કરશો તો, તમે કદાચ વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ નહીં કરી શકો અને કેટલીક સુવિધાઓ યોગ્ય રીતે કાર્ય નહીં કરે અથવા તમને ઉપલબ્ધ નહીં થાય.

## કૂકી ડિરેક્ટરી

સર્વોત્તમ પ્રણાલી જાળવી રાખવા માટે, અમે અમારી વેબસાઇટ પર ઉપયોગમાં લેવાતી કૂકીઝ વિશેની માહિતી અમારી કૂકી ડિરેક્ટરી પર મૂકી છે. વધુ માહિતી માટે, નીચેની લિંક પર ક્લિક કરવા વિનંતી: કૂકી ડિરેક્ટરી.

## કૂકીઝ મૅનેજ કરવી

તમે તમારા વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરીને તમારા ઉપકરણમાં સંગ્રહિત (ફ્લૅશ કૂકીઝ સિવાયની) કૂકીઝ મૅનેજ કરી શકશો. આ રીતે તમે કૂકીઝને સંપૂર્ણપણે નકારી શકશો, તમારા ઉપકરણમાં સંગ્રહિત કૂકીઝને મર્યાદિત કરી શકશો અથવા પહેલેથી સેટ કરેલી હોય તેવી કૂકીઝ કાઢી પણ નાંખી શકશો.

તમે વેબ બ્રાઉઝરની અંદરના 'સહાય' વિકલ્પનો ઉપયોગ કરીને તમારા ઉપકરણના વેબ બ્રાઉઝરના સેટિંગ અનુકૂળ કરી શકશો. તમારા ઉપકરણના વેબ બ્રાઉઝર સેટિંગ કેવી રીતે અનુકૂળ કરવા તે વિશે સૂચનાઓ મેળવવા માટે તમે www.aboutcookies.org ની મુલાકાત પણ લઈ શકશો. તે સાઇટ વેબ બ્રાઉઝરોની વિશાળ શ્રેણી માટે તમારા વેબ બ્રાઉઝર સેટિંગ કેવી રીતે અનુકૂળ કરવા તે વિશેની વ્યાપક માહિતી ધરાવે છે.

તમારા ઉપકરણના વેબ બ્રાઉઝર સેટિંગ અનુકૂળ કરીને ફ્લૅશ કૂકીઝને અક્ષમ નહીં કરી શકાય. કેટલાક વેબ બ્રાઉઝરના ઉત્પાદકો તમારા ઉપકરણના વેબ બ્રાઉઝરના સેટિંગના ઉપયોગ થકી ફ્લૅશ કૂકીઝને અક્ષમ કરવા માટે તમને અનુમતિ મળે તે માટેના ઉકેલો વિકસાવી રહ્યાં છે, પરંતુ હાલમાં જો તમે ફ્લૅશ કૂકીઝને મર્યાદિત અથવા બ્લૉક કરવા ઇચ્છતા હો, તો તે તમારે Adobe વેબસાઇટ પર કરવું જરૂરી છે. આ વિષયે, નિમ્નલિખિતની મુલાકાત લેવા વિનંતી:

http://www.macromedia.com/support/documentation/en/flashplayer/help/settings_manager07.html

જો તમે કૂકીઝને અક્ષમ કરશો અથવા નકારશો, તો કેટલીક સુવિધાઓ તમને ઉપલબ્ધ નહીં થાય અથવા યોગ્ય રીતે કાર્ય નહીં કરે અને શક્ય છે કે તમે વેબસાઇટના કેટલાક ભાગને ઍક્સેસ ન કરી શકો.